સ.મ.પ્રે.ગાં.(એચ)-૩૦૬-૫૦૦-૮-૦૬

**<u>રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકો ફીક્સ્ડ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના.</u>**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવક્રમાંકઃ- ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૧/૦૮/૨૦૦૬.

**વંચાણમાં લીધાઃ**-નાણા વિભાગનો ઠરાવક્રમાંકઃ-ખરચ-૨૦૦૨-૫૭-૭૪૧-ઝ.૧,
તારીખઃ- ૧૬/ ૨ / ૨૦૦૬.

<u>ઠ રા વ :-</u>

આમુખમાં જણાવવામાં આવેલ ઠરાવથી રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકો ફીક્સ્ડ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના નકકી કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા-૪ માં આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવારને નિયમિત ધોરણે સરકારી કર્મચારીઓને મળતા લાભો પૈકીના કોઈપણ લાભ મળી શકશે નહી તેમજ આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવાર તે અંગેની માંગણી કરી શકશે નહી, તે મુજબનો બાંહેધરીપત્ર નિમણુંકનો હુકમ આપતાં પહેલાં મેળવી લેવાનો રહેશે. તેમ જણાવવામાં આવેલ છે ,પરંતુ તે વખતે બાંહેધરી પત્ર તૈયાર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારે આ સાથે પરિશિષ્ટ-૧ માંઆપેલ બાંહેધરી પત્રનો નમૂનો નકકી કરેલ છે. તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવથી ઘડેલ યોજના હેઠળ નિમણુંક પામેલ ઉમેદવારો પાસેથી આ સાથે રાખેલ નમૂના મુજબનો બાંહેધરી પત્ર નિમણુંક આપનાર અધિકારીએ નિમણુંક આપતાં પહેલાં અચૂક મેળવવાનો રહેશે.

૩. તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવના ફકરા-૫ માં જણાવેલ પગાર ધોરણ પૈકી ક્રમાંકઃ-૧ માં રૂા.૨૫૦૦-૩૨૦૦નું પગાર ધોરણ જણાવવામાં આવેલ છે, તેના બદલે રૂા.૨૫૫૦-૩૨૦૦ વાંચવાનું રહેશે.

૪. આ યોજના હેઠળ નિમણુંક પામનાર ઉમેદવારોને નાણા વિભાગના તા.૧૮-૩-૦૫ના ઠરાવક્રમાંકઃ- નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી થી રાજય સરકાર દ્વારા તા.૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ નિયમિત નિમણુંક મળ્યા બાદ આવરી લેવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.બી.પટેલ )
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

❖ માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગટ, અમદાવાદ.
❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
❖ રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
❖ સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાતરાજય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, ગુજરાત રાજય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી ( એ.એન્ડ એ.) ગુજરાત રાજય,અમદાવાદ-રાજકોટ.
સર્વે કલેકટરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષક.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
તમામ બોર્ડ / કોર્પોરેશન / યુનિવર્સિટીઓ અને જાહેર સાહસો.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / નાણા સલાહકારશ્રીઓ.
નાણા વિભાગની તમામ શાખાઓ.
સર્વે માન્ય મંડળો ( પંચાયત સેવાના મંડળો સહિત )
પસંદગી ફાઇલ ( ઝ.૧ શાખા ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

❖ પત્ર દ્વારા.

## પરિશિષ્ટ-૧

## બાંહેધરી પત્ર

..........................વિભાગ / કચેરીના તા. - - ના હુકમ / દફતર હુકમ / કાર્યાલય આદેશ / યાદી ક્રમાંકઃ- ..................................................થી મારી અજમાયશી સહાયક ........................... તરીકેની નિમણુંક થતાં નાણા વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવક્રમાંકઃ- ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ માં જણાવેલ શરતોને આધિન પાંચ વર્ષ માટેના સમયગાળા માટે માસિક રૂા. /- ( અંકે રૂપિયા. . . . . . . .. પુરા ) ના ફીક્સ્ડ પગારના અજમાયશી સહાયક ...............તરીકેની મારી નિમણુંકને હું નીચે સહી કરનાર શ્રી................................................, ઉંમર વર્ષ-.........સ્વીકાર કરૂં છું અને આથી લેખિત બાંહેધરી આપું છું કે,

૨. .........................વિભાગ / કચેરીમાં પ્રતિ માસ રૂા............./- (અંકે રૂપિયા.............................પુરા ) ના ફીક્સ્ડ પગારથી પાંચ વર્ષ માટે અજમાયશી સહાયક .............................તરીકેની મારી નિમણુંક સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪-૧૧-૯૫ના ઠરાવક્રમાંકઃ- વીસીએ-૧૦૮૯-યુઓ-૧૧૬-ગ.૨ માંની જોગવાઈ અનુસાર સબંધિત સત્તાધિકારી પાસેથી સરકાર દ્વારા મેળવેલ ચારિત્ર્ય અને પૂર્વ વૃત્તાંત અંગેના તપાસ અહેવાલ / પ્રમાણપત્ર સહિત નિમણુંકને લગતી સર્વ જોગવાઈઓ સબંધે કોઈપણ બાબત વાંધાજનક હશે તો મને આપવામાં આવેલ ઉક્ત સહાયક...................ની અજમાયશી તરીકે આપેલ નિમણુંક કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના અને કોઈપણ જાતના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે તો તે મને સ્વીકાર્ય છે.

૩. નિયમિત ધોરણે સરકારી કર્મચારીઓને મળવાપાત્ર લાભો પૈકીના કોઈપણ લાભ માટે તથા પાંચ વર્ષના ફીક્સ્ડ પગારના અજમાયશી સમયગાળા માટેની મારી નિમણુંકને નોકરી વિષયક / સેવા વિષયક કે કોઈપણ બાબતમાં ધ્યાનમાં લેવા હું ક્યારેય માંગણી કરીશ નહીં.

૪. આ અગાઉ સરકારી નોકરીમાંથી મને બરતરફ / રૂખસદ મળેલ નથી તથા હું સરકારી નોકરી માટે ગેરલાયક જાહેર થયેલ નથી. સરકારી નોકરી માટે હું

લાયકાત ધરાવતો નથી, તેવું પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કોઇ તબક્કે સરકારના ધ્યાને જણાઇ આવે તો મને આપવામાં આવેલ નિમણુંક કોઇપણ

પ્રકારની નોટીસ આપ્યા વિના અને કોઇપણ પ્રકારના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવાનું મને સ્વીકાર્ય છે.

૫. મારી નિમણુકની જગ્યા / હોદ્દા સાથે સંકળાયેલી ફરજો બજાવવાની હું બાંહેધરી આપું છું. આ ફરજો બજાવવામાં મારી કોઇ ગંભીર ક્ષતિ / ગેરવર્તણુંક / નાણાંકીય ગેરરીતિ માલુમ પડે તો હું લાંબાગાળાની નોકરીના લાભો ગુમાવવા માટે તથા મારી સામે સરકાર ફોજદારી કાર્યવાહી કરી શકશે તે મને કબૂલ / મંજૂર / સ્વીકાર્ય છે.

૬. સરકાર તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ શરતો નક્કી થાય તે મને બંધનકર્તા રહેશે.

૭. રાજયપત્રિત અધિકારીની રૂબરૂમાં,

..................................................

ઉમેદવારની સહી અને તારીખ.

૧. સહી :-

નામઃ-

હોદ્દો :-

કચેરી :-

સ્વીકારવામાં આવ્યું.

૨. સહી :-

નામ :-

હોદ્દો :-

કચેરી :-

સક્ષમ અધિકારી

..........................વિભાગ/કચેરી.



સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.